
# શું દુનિયા માટે જાપાન 'બોડી બામણીનું ખેતર' છે?

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ



બીજું વિશ્વયુદ્ધ પૂરું થયે નવમો દાયકો શરૂ થઈ ચૂક્યો છે. (ઓગસ્ટ-સપ્ટેમ્બર, 2026માં આ ઐતિહાસિક ઘટનાક્રમ 81 વર્ષ પૂરાં કરીને 82મા વર્ષમાં સત્તાવાર રીતે પ્રવેશ કરશે.) આમ છતાં આજે પણ કોઈ પણ રીતે બીજા વિશ્વયુદ્ધની ચર્ચા થાય ત્યારે બે દેશોનો ઉલ્લેખ ચોક્કસપણે થાય છેઃ જર્મની અને જાપાન. આ બંને દેશો આજે ફરી પોતપોતાની રીતે મજબૂત બની ગયા છે, પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અનુક્રમે તેના આરંભ અને અંતમાં આ બંને દેશોની નોંધપાત્ર ભૂમિકા રહી હતી, એ સર્વવિદિત છે. બીજા વિશ્વયુદ્ધ સંદર્ભે જર્મનીની ભૂમિકા અને તેના પુનઃસર્જનની વાત ફરી ક્યારેક કરીશું, પરંતુ અત્યારે તો જાપાનની વાત કરીએ.

બીજું વિશ્વયુદ્ધ ખરેખર એટલું ભીષણ હતું કે એ પૂરું થયું ત્યારે જગત પહેલાં જેવું રહ્યું નહોતું અને હવે પહેલાં જેવું થવાનું કે થઈ શકવાનું પણ નહોતું. એમાં આ વિશ્વયુદ્ધનું સૌથી ભીષણ પરિણામ હીરોશીમા અને નાગાસાકીના વિનાશક ઘટનાક્રમના રૂપમાં જાપાને ભોગવવું પડ્યું હતું. પરંતુ આ ભયાનક સમયગાળા પછી પણ જાણે કંઈ જ ન બન્યું હોય એવી રીતે, રાખમાંથી ફરી ઊભા થઈને કાયાપલટ કહેવાય તે હદનું પુનઃસર્જન કરી લેવાની અને છેવટે વિશ્વના નકશા પર ફરી એક મજબૂત રાષ્ટ્ર તરીકે ઉભરવાની ગાથા માત્ર જાપાનની જ નહીં, પરંતુ વિશ્વના યુદ્ધ ઈતિહાસની પણ એક નોંધપાત્ર ગાથા છે. જાપાને જાણે પોતાની જ જૂની ઓળખ ભૂંસીને નવી ઓળખ ધારણ કરી લીધી હતી. પરંતુ જાપાને આ પુનઃસર્જન કરવા માટે અને નવી ઓળખ ધારણ કરવા માટે બહુ મોટું મૂલ્ય ચૂકવ્યું હતું. જાપાને ઘણી બાબતો જતી કરી હતી. તેમાંથી એક હતું જાપાનનું જાસૂસી તંત્ર. શરણાગતિ વખતે મિત્રરાષ્ટ્રોએ જાપાન સમક્ષ ઘણી આકરી શરતો મૂકી હતી. તેમાંની એક શરત એ પણ હતી કે પોતાનું જાસૂસી



તંત્ર વિખેરી નાખવું. જાપાને આ શરત પણ સ્વીકારી હતી. પરિણામે જાસૂસી તંત્ર વિખેર્યા પછી આજ સુધી તેણે પોતાનું જાસૂસી તંત્ર ફરી ઊભું કર્યું નહોતું. તેના બદલે જાપાન અનિવાર્ય આંતરિક અને રાષ્ટ્રીય સુરક્ષાલક્ષી જાસૂસી માટે અમેરિકાની જાણીતી જાસૂસી સંસ્થા CIA પર નિર્ભર રહ્યું હતું.

પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે આખા વિશ્વ માટે પોતાની જાસૂસી જાળ પાથરવા જાપાન જાણે 'બોડી બામણીનું ખેતર' બની ગયું. વિશ્વના ઘણા દેશો પોતાનું જાસૂસી તંત્ર ફેલાવવા માટે જાપાનનો છૂટથી ઉપયોગ કરતા રહ્યા. ખાસ કરીને રશિયા, ચીન અને ઉત્તર કોરિયા જેવા દેશોએ આ રીતે જાપાનનો સૌથી વધુ ઉપયોગ

**આ યુદ્ધ દરમિયાન રશિયાએ જાપાનમાં પોતાનું જાસૂસી નેટવર્ક એ હદે જમાવી દીધું કે જાપાન જાણે રશિયન જાસૂસોનો અડ્ડો જ બની ગયું**

કર્યો. તેના બે મુખ્ય કારણો હતાં એક, જાપાનના વિદેશી જાસૂસો સામેના કાયદા ઘણા નબળા રહ્યા અને બે, ઘણા સમયથી જાપાનમાં પોતાના જાસૂસી તંત્રના સુગ્રથિત માળખાનો અભાવ રહ્યો. જાપાનના જાસૂસી તંત્રનું માળખું કેમ અને



કેટલું નબળું રહ્યું તેનો ખ્યાલ એ બાબત પરથી આવે છે કે બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારથી લઈને તાજેતરના સમય સુધી જાપાન પાસે પોતાની કહેવાય તેવી કોઈ કેન્દ્રીય જાસૂસી એજન્સી જ નહોતી, જેની આસપાસ આખું માળખું રચાય અને પછી એ કેન્દ્રીય એજન્સી આખા તંત્રને એકસૂત્રે બાંધી રાખે. જોકે હવે ટૂંક સમયમાં જ આ પરિસ્થિતિ ધરમૂળથી બદલાવા જઈ રહી છે. જાપાનની વર્તમાન સરકારે એક કેન્દ્રીય જાસૂસી સંસ્થાનું ગઠન કરીને પોતાના જાસૂસી તંત્રને ફરીથી મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. એટલે હવે જાપાન પોતાની આંતરિક અને રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી જાસૂસી કરવા અમેરિકા પર નિર્ભર નહીં રહે, પરંતુ પોતાનાં જ હિતોની સુરક્ષા માટેની જાસૂસી પોતે જ કરી શકશે. એ ઉપરાંત જાપાનમાં વિદેશી જાસૂસી અને વિદેશી જાસૂસો અંગેના કાયદા પણ કડક બનાવવાનો નિર્ણય લેવાયો છે. તેની સાથે વિવિધ ટેક્નોલોજીની નિકાસ સંબંધિત કાયદાઓ પણ વધુ કડક બનાવવામાં આવશે.

જોકે આ નિર્ણય અચાનક લેવાયો નથી. તેની પાછળ ફેબ્રુઆરી, 2022માં શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધની સમાંતરે ચાલેલો એક ઘટનાક્રમ જવાબદાર છે. આ યુદ્ધ દરમિયાન રશિયાએ જાપાનમાં પોતાનું જાસૂસી નેટવર્ક એ હદે જમાવી દીધું કે જાપાન જાણે રશિયન જાસૂસોનો અડ્ડો જ બની ગયું. તાજેતરમાં આ સમાચાર બહાર આવ્યા ત્યારથી જાપાનની પરિસ્થિતિ અંગે ઘણો વિવાદ પણ થયો છે અને અનેક સવાલો પણ ઊભા થયા છે. આ વિવાદ અને સવાલોના પરિણામે જ વર્તમાન જાપાન સરકારે તાત્કાલિક ધોરણે ઉપરોક્ત મોટા નિર્ણયો લીધા છે.

જાપાનમાં ફેલાયેલા રશિયન જાસૂસી નેટવર્ક અંગે 'ન્યૂયોર્ક ટાઈમ્સ'નો એક અહેવાલ સમજવા જેવો છે. આ લાંબા અહેવાલમાં બે-ત્રણ બાબતો એવી છે, જેનાથી સમજાય છે કે જાપાનમાં રશિયાનું જાસૂસી નેટવર્ક કેવી રીતે ફેલાયું અને મજબૂત બન્યું હતું. ઉલ્લેખનીય છે કે આ અહેવાલ મુજબ હાલ રશિયા બીજી ઘણી બાબતોમાં આધુનિક બની ચૂક્યું હોય, પરંતુ જાસૂસી મામલે તો હજી પણ સોવિયેત યુગની પદ્ધતિઓ જ અપનાવે છે. આ મુજબ રશિયાના જાસૂસો રશિયાની રાષ્ટ્રીય એરલાઈન 'એરોફ્લોટ'માં વિવિધ ભૂમિકાઓમાં ભરતી થઈને પાઈલટ તેમજ અન્ય હોદ્દાઓ પર કાર્ય કરે છે. ત્યારબાદ તેઓ વિવિધ દેશોમાં અવરજવર કરે છે અને પછી જે તે દેશમાં મહત્ત્વના ક્ષેત્રોના મોટા વેપારીઓ બનીને રહે છે અથવા જે તે દેશના મહત્ત્વના મંત્રાલયોમાં સચિવ અને અન્ય મહત્ત્વના હોદ્દાઓ પર નિમણૂક મેળવીને રશિયા વતી તે દેશની જાસૂસી કરે છે.

પરંતુ અહીં પ્રશ્ન થાય કે રશિયાને યુક્રેન સામેના યુદ્ધમાં જાપાનની શું જરૂર પડી? તેનો જવાબ એ છે કે રશિયાએ બળજબરીથી યુક્રેન પર આક્રમણ કર્યા પછી તેના માટે વિશ્વના દરવાજા લગભગ બંધ થઈ ગયા હતા. બીજી તરફ આ યુદ્ધ માટે તેને પરંપરાગત શસ્ત્રો સાથે નવી ટેક્નોલોજીનો સમન્વય કરવાની જરૂર હતી અને જાપાન વર્ષોથી અદ્યતન ટેક્નોલોજીનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. એટલે રશિયાને જાપાનની ટેક્નોલોજી પણ જોઈતી હતી અને સાથે જ જાપાનના નબળા જાસૂસી માળખાનો લાભ પણ લેવો હતો. મે, 2026માં રશિયા તરફથી યુક્રેનમાં થયેલા એક મિસાઈલ હુમલામાં વપરાયેલા મિસાઈલના કેટલાક કમ્પોનન્ટ્સ જાપાની બનાવટના હોવાની પુષ્ટિ પણ થઈ ચૂકી છે. આ ઉપરાંત વૈશ્વિક પ્રવાહોના નિષ્ણાતો પણ માને છે કે રશિયા-યુક્રેનનું યુદ્ધ આટલું લાંબું ખેંચાવામાં રશિયાના જાપાનસ્થિત મજબૂત જાસૂસી નેટવર્કની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

જોકે જાપાન અને વિશ્વની દૃષ્ટિએ રાહતની વાત એ જ છે કે જાપાન હવે એક સુગ્રથિત જાસૂસી માળખું ઊભું કરવા સાથે સંબંધિત કાયદાઓ પણ કડક બનાવીને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિઓને રોકવા માટે કટિબદ્ધ બન્યું છે.



# અજય દેવગન હવે આવી કોમેડી ફિલ્મો કરવાનું બંધ કરશે?!

અસલી 'ધમાલ'માં સંજય દત્ત સિવાય કોઈ બહુ મોટો સુપરસ્ટાર નહોતો. છતાં તેની સહજ કોમેડી, અફલાતૂન સિચ્યુએશન્સ અને યાદગાર ડાયલોગ્સ આજે પણ લોકોના દિલમાં વસેલા છે. પરંતુ આ જ ફ્રેન્ચાઈઝીનો નવો અધ્યાય એટલે કે 'ધમાલ 4' થિયેટરોમાં ટપકી પડ્યો ત્યારે જૂની યાદો તાજી થવાને બદલે મગજનું દહીં થઈ ગયું છે. વર્ષ 2026ની સૌથી નબળી અને વાહિયાત પ્રમોશન સાથે રિલીઝ થયેલી આ ફિલ્મે પહેલા જ દિવસે રૂ. 13 કરોડની કમાણી કરી લીધી હતી. તેમ છતાં થોડા સમય પહેલાં આવેલી 'વેલકમ ટુ ધ જંગલ' જેવી ફિલ્મ જો તમને બેકાર અને કંટાળાજનક લાગી હોય, તો 'ધમાલ 4' જોવાની હિંમત પણ ન કરવી. કારણ કે આ ફિલ્મ જોયા પછી 'વેલકમ 3' પણ માસ્ટરપીસ લાગવા લાગે છે. બોલિવૂડમાં અત્યારે સિક્વલ અને ફ્રેન્ચાઈઝી ફિલ્મોની એવી મોસમ ચાલી રહી છે કે જ્યાં જૂની હિટ ફિલ્મોના નામે દર્શકોના ખિસ્સા ખાલી કરવાનો એક સુનિયોજિત સિલસિલો શરૂ થયો છે. અજય દેવગન જેવા દિગ્ગજ એક્ટર પાસે અત્યારે 'ગોલમાલ', 'સિંઘમ', 'દ્રશ્યમ' અને 'રેડ' જેવી સિક્વલ્સની આખી લાઈન છે. આ જ યાદીમાં 2007માં આવેલી સુપરહિટ અને કલ્ટ ક્લાસિક કોમેડી ફિલ્મ 'ધમાલ'નું નામ પણ જોડાયું છે.

**નવાઈની વાત એ છે કે આટલી ભંગાર ફિલ્મ બનાવ્યા પછી પણ ફિલ્મના અંતમાં 'ધમાલ 5'ની જાહેરાત કરી દેવામાં આવી છે, જે તેમનો અંધ આત્મવિશ્વાસ દર્શાવે છે**

આ ફિલ્મને લઈને દર્શકોની આશાઓ અને ઉત્સુકતા ત્યારે વધી હતી જ્યારે તેનું ટ્રેલર સોશિયલ મીડિયા પર રિલીઝ થયું હતું. ટ્રેલર બહુ સ્માર્ટલી અને ચપળતાથી એડિટ કરવામાં આવ્યું હતું, જેમાં વાર્તાના સૌથી બેસ્ટ કોમેડી પંચ અને દ્દશ્યો વણી લેવામાં આવ્યા હતા. ટ્રેલર જોઈને એવું લાગતું હતું કે ફિલ્મમાં હાસ્યની ધમાલ મચી જશે અને જૂનો જાદુ ફરી સ્ક્રીન પર જીવંત થશે. પરંતુ કહેવત છે ને કે જ્યારે તમે કોઈ વસ્તુથી હદ કરતાં વધારે આશા બાંધી લો, ત્યારે એ આશા તૂટવાનો આઘાત પણ બહુ મોટો હોય છે. આ ફિલ્મની સૌથી મોટી ટ્રેજેડી એ જ છે કે નિર્માતાએ ફિલ્મની સૌથી શ્રેષ્ઠ બે-ત્રણ મિનિટ ટ્રેલરમાં જ વાપરી નાખી હતી. ટ્રેલરના એ ગણ્યાગાંઠ્યા પંચ સિવાય બાકીની આખી અઢી કલાકની ફિલ્મ સાવ ફ્લેટ, કંટાળાજનક અને નિરસ સાબિત થાય છે. થિયેટરમાં ટિકિટના પૈસા ખર્ચીને અંદર બેઠા પછી સમજાય છે કે ટ્રેલર સિવાય ફિલ્મમાં નવું કે સરપ્રાઈઝ જેવું કશું જ નહોતું.

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

મસાલા કોમેડી ફિલ્મોમાં કોઈ લોજિક કે તર્ક શોધવાનો હોતો નથી. દર્શકો પોતાનું મગજ ઘરે મૂકીને જ થિયેટરની સીટ પર ગોઠવાય છે. પરંતુ જો મગજ બાજુ પર મૂક્યા પછી પણ ફિલ્મમાં આવતા જોક્સ હસાવી ન શકે, તો એનાથી મોટી નિરાશા બીજી કોઈ ન હોઈ શકે. આ ફિલ્મનું લેખન એટલી હદે કથળેલું અને નબળું છે કે તે પાત્રોની સિચ્યુએશનમાંથી કોઈ કુદરતી હાસ્ય ઊભું થતું નથી. કોમેડીના નામે અહીં સાવ ઘસાયેલા, જૂના અને વાહિયાત જોક્સ પીરસવામાં આવ્યા છે. કોઈના વજનની ક્રૂર મજાક ઉડાવવી, ગુડ્ડુને ફુદ્દુ કહીને હસાવવાનો પરાણે પ્રયત્ન કરવો કે અજય દેવગન પાસે માછલીવાળા વિચિત્ર ડાયલોગ્સ બોલાવવા - આ કોમેડી નથી, પરંતુ દર્શકોની ધીરજની કસોટી છે. આખી ફિલ્મ મુખ્યત્વે ત્રણ નબળા સ્તંભો પર ઊભી છે, જે આખી ઈમારતને તોડી પાડે છે. પ્રથમ, કોમેડીની ફર્સ્ટ કોપી જેવી લાગતી નબળી સ્ક્રિપ્ટ. બીજું, ફિલ્મનું VFX સસ્તું અને બાલિશ છે. આજના આધુનિક સિનેમાના જમાનામાં પણ ક્રોમા પડદા પર શૂટ થયેલું નકલી બેકગ્રાઉન્ડ સ્ક્રીન પર સ્પષ્ટ દેખાઈ આવે છે, જે આંખોને બહુ ખૂંચે છે. ત્રીજો મોટો ગુનો એ છે કે ફિલ્મનું સંગીત પણ અસલ નથી.

અભિનયની વાત કરીએ તો જે લોકો એવું વિચારીને ગયા હતા કે અજય દેવગનનો આમાં માત્ર નાનો કેમિયો હશે, તેમને જણાવી દઈએ કે એ જ ફિલ્મના મુખ્ય હીરો તરીકે પડદા પર છવાયેલો છે. જોકે, અજય જેવા રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અને ગંભીર એક્ટરને આવી સાવ હલકી કક્ષાની કોમેડીમાં પરાણે ફિટ થયેલો જોઈને એક સિનેમાપ્રેમી તરીકે બહુ દુઃખ થાય છે. તે 'દ્રશ્યમ'ના વિજય સાળગાંવકર કે 'સિંઘમ'ના બાજીરાવ તરીકે જેટલો પ્રભાવશાળી લાગે છે, એટલો આવી પરાણે હસાવતી દોડાદોડીમાં જામતો નથી. તેને હવે આ ફ્રેન્ચાઈઝીમાંથી કાયમ માટે મુક્તિ આપી દેવી જોઈએ. જાવેદ જાફરી અને અર્શદ વારસીના પાત્રોને છોડી દઈએ તો બાકીના બધા જ કલાકારો ઓવરએક્ટિંગ કરતા દેખાય છે. રિતેશ દેશમુખનો પરાણે થોપાયેલો બિહારી અને ભોજપુરી લહેકો પાછળથી અત્યંત અકળાવનારો બની જાય છે. આ ફિલ્મમાં કોઈ એડલ્ટ સીન કે અશ્લીલતા નથી. એટલે કે તે સાવ ચોખ્ખી પારિવારિક ફિલ્મ છે. પૂરા પરિવાર સાથે થિયેટરમાં જઈ શકાય એમ છે, પરંતુ આટલી કંટાળાજનક ફિલ્મ બતાવ્યા પછી જો તમારો પરિવાર થિયેટરની બહાર નીકળીને તમને ખીજવાય, તો એની જવાબદારી તમારી પોતાની રહેશે! બોલિવૂડના નિર્માતાઓએ હવે એ સમજવું પડશે કે માત્ર જૂની ફિલ્મોના સુપરહિટ નામ વાપરવાથી કે પાત્રોને એવા જ કપડાં પહેરાવવાથી અસલી હાસ્ય પાછું આવતું નથી. નવાઈની વાત એ છે કે આટલી ભંગાર ફિલ્મ બનાવ્યા પછી પણ ફિલ્મના અંતમાં 'ધમાલ 5'ની જાહેરાત કરી દેવામાં આવી છે, જે તેમનો અંધ આત્મવિશ્વાસ દર્શાવે છે. અજયને આપણે એક જ વિનંતી કરીએ કે હવે માત્ર 'દ્રશ્યમ 3' લાવે તો ચાલશે, પરંતુ આવી 'ધમાલ' હવે બંધ કરી દે. કેમ કે આ ધમાલ દર્શકોને હસાવવાને બદલે માનસિક રીતે કંગાળ કરીને જ જંપશે!

**ઓટોગ્રાફ!**

**રિતેશ, અર્શદ અને જાવેદની ત્રિપુટી 20 વર્ષથી એ જ જૂના કપડાં અને એ જ જૂના જોક્સ લઈને ફરે છે! 'ધમાલ 4'માં એમને જોઈને લાગે છે કે દેશમાં મોંઘવારી ભલે વધી હોય, પરંતુ આ લોકોનો સંઘર્ષ હજી 'ધમાલ 1' આગળ જ અટકેલો છે!**

# દવા ઉદ્યોગ: શોષણના આટાપાટા....!

આજના પ્રદૂષિત વાતાવરણમાં દવા માણસ માટે અનિવાર્ય બની ગઈ છે. માણસ ગમે તેટલો ધાર્મિક હોય પરંતુ માંદો પડે ત્યારે તે સત્યનારાયણનો પ્રસાદ ખાઈને સાજો થઈ શકતો નથી. લોહી ઓછું થઈ ગયું હોય તો લોહીવર્ધક ગોળીઓ લેવી જ પડે. બ્લડ પ્રેશર વધી ગયું હોય તો તેને નિયંત્રિત કરવાની દવા લીધા વિના રાબેતા મુજબનું જીવન જીવવું મુશ્કેલ બની જાય છે. પગમાં કાંટો ખૂંપી ગયો હોય તો માણસ તેને પોતે કાઢી શકે, પરંતુ અકસ્માતમાં શરીરમાં લોખંડનો સળિયો ઘૂસી જાય તો ડૉક્ટરના શરણે જવું જ પડે. ડૉક્ટરો દર્દીને એનેસ્થેસિયા આપીને બેહોશ કર્યા બાદ લોખંડનો સળિયો કાઢે છે.

આ આખી વાત અહીં બે લીટીમાં લખી શકાય, પરંતુ વાસ્તવમાં આ સમગ્ર પ્રક્રિયા એટલી ખર્ચાળ અને વેદનાજનક હોય છે કે માલેતુજારો ગમે તેટલી મોંઘી દવા કરાવીને સાજા થઈ જાય છે, જ્યારે સામાન્ય માણસોને સિવિલ હોસ્પિટલ અથવા ધર્માદા દવાખાનાનો સહારો લેવો પડે છે. જરૂર પડે ત્યારે કર્મચારીઓની મૂઠી ગરમ કરવી પણ પડે છે. હવે એક નવી રસમ શરૂ થઈ છે. હોસ્પિટલના ડૉક્ટરો દર્દીના સગાંને ડિપોઝિટ ભરવાનું કહે છે. ડિપોઝિટનો આંકડો સાંભળીને તો દર્દી બેહોશીની દવા લીધા વિના જ બેહોશ થઈ જાય, દવા વિના ફરી બેઠા થઈ શકાય તેમ ન હોય ત્યારે દર્દી દેવું કરીને પણ મોંઘી સારવાર કરાવે છે. ઓપરેશન થિયેટરમાં સ્ટ્રેચર પર બેહોશ પડેલો દર્દી જાતે ઊભો થઈને ચાલી શકે ત્યાં સુધી હોસ્પિટલમાં રહેવું પડે છે અને એ ખર્ચ તો જાણે પોતાનું ઘર વેચાઈ ગયું હોય એવો તોતિંગ હોય છે. દર્દી સેવામંડળો તરફ મદદ માટે હાથ લંબાવે છે પરંતુ અંતે 'પુઅર પેશન્ટ રિલીફ ફંડ' વિના કોઈ તેનો હાથ પકડતું નથી. આ ખરેખર દુઃખદ બાબત છે. પરંતુ તેનો કોઈ ઉપાય છે? (હોય તો બતાવો.)

દોસ્તો, આજે આરોગ્ય જાળવવું એટલે માત્ર ચાલવું કે કસરત કરવી એવો સીમિત અર્થ થતો નથી. આરોગ્ય ન સચવાય તો તમારા બેંક બેલેન્સનો ભૂક્કો બોલી જાય છે. આવા સમયે પોતાની બચત અથવા કોઈ સેવાભાવી



સંસ્થાની મદદથી જ જીવતદાન મળે છે. માંદા પડાય ત્યારે ગમે તેટલા અમીર માણસને પણ દવા પાછળ થતા બેફામ ખર્ચની ચિંતા થાય છે. કોર્ટના પાંજરામાંથી ગુનેગાર ભાગી શકે, પરંતુ હોસ્પિટલના ખાટલેથી દર્દી ભાગી શકતો નથી. આજે મધ્યમવર્ગના

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

માણસની હાલત કફોડી થઈ ગઈ છે. કુટુંબના દરેક પ્રકારના ખર્ચા બાદ સારવારનો આંધળો ખર્ચ કરવો પડે છે. ઘરનું ધાબું રિપેર કરાવ્યા વિના ચાલે નહીં, અને દીકરીને પરણાવવાની હોય ત્યારે ઘરેણાં, વસ્ત્રો વગેરેના ખર્ચમાં માણસના હાલ બેહાલ થઈ જાય છે. દોસ્તો, આપણી મૂળ ચર્ચા દવાના બેફામ વધેલા ભાવોની છે. અર્થાત્ દવાના ઉત્પાદકો, મેડિકલ સ્ટોરો અને ડૉક્ટરો - આ ત્રણેયના કારણે સામાન્ય માણસ મોટી મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. એક ઈન્જેક્શન પાંચસો કે સાતસો રૂપિયાનું હોય અને રોજનાં બે કે ત્રણ મૂકાવવાના હોય તો ગરીબ દર્દી માટે તે અશક્ય બની રહે છે. એમ કહો કે એ ખર્ચ મુંબઈની તાજ હોટલમાં રહેવા જેટલો નામુમકિન બની જાય છે. હોસ્પિટલમાં જવાનું બને ત્યારે ડૉક્ટરોની કન્સલ્ટિંગ ફી તથા સોનોગ્રાફી, માયેલોગ્રાફી વગેરેનો સરવાળો માણસ માટે બહુ મોટી ચિંતા બની જાય છે.

બચુભાઈએ કહ્યું: 'અમારા એક ગરીબ દર્દીની હાર્ટ સર્જરી કરાવવાની હોવાથી તેને હોસ્પિટલમાં દાખલ કરાવ્યો. ડૉક્ટરે સારવારનો ખર્ચ જણાવ્યો. તે એટલો મરણતોલ હતો કે તેના સગાંઓએ કહી દીધું, 'રજા લઈ લો... આપણે ઓપરેશન નથી કરાવવું. એટલા પૈસા ક્યાંથી લાવીશું? અને એટલા પૈસા ખર્ચ્યા પછી પણ દર્દી જીવશે જ તેની કોઈ ગેરંટી નથી.'' બચુભાઈ કહે છે: 'મારા સાઢુભાઈ પાછળ છ લાખ રૂપિયા ખર્ચ્યા, છતાં તેઓ બચ્યા નહીં. ગરીબો માટે તો હોસ્પિટલ એટલે દર્દીઓના સગાંઓ માટેનું સ્મશાન.

પૈસા ખર્ચો, છતાં દર્દી ન જીવવાનો હોય તો ન જ જીવે.' મોડે મોડે જાણ થઈ કે કોવિડ-19ની મહામારી દરમિયાન 500 મિલિગ્રામની પેરાસિટામોલ દિવસમાં ત્રણ વખત લેવાથી કામ ચાલી શકે તેમ હતું, છતાં તેના બદલે 650 મિલિગ્રામની ટેબ્લેટ વધુ લખવામાં આવતી હતી. આવકવેરા વિભાગે માઈક્રો લેબ્સના લગભગ 36 સ્થળોએ દરોડા પાડ્યા બાદ આ લાંચનું પ્રકરણ બહાર આવ્યું હતું. 1

**ડિપોઝિટનો આંકડો સાંભળીને તો દર્દી બેહોશીની દવા લીધા વિના જ બેહોશ થઈ જાય, દવા વિના ફરી બેઠા થઈ શકાય તેમ ન હોય ત્યારે દર્દી દેવું કરીને પણ મોંઘી સારવાર કરાવે છે**

8 ઓગસ્ટે જ્યારે સુપ્રીમ કોર્ટે આ મામલો હાથમાં લીધો ત્યારે તેને અત્યંત ગંભીર ગણાવ્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, 'આનાથી લોકોના આરોગ્ય પર ખરાબ અસર થાય છે, તેથી આ નુકસાનને કોઈ પણ રીતે અવગણી શકાય તેમ નથી.'

આ મામલામાં એવી માહિતી પણ સામે આવી હતી કે દવા ઉત્પાદકોએ પોતાની ટેબ્લેટનું વેચાણ વધે તે માટે દવા સાથે સંકળાયેલા લોકોને મળીને અંદાજે એક હજાર કરોડ રૂપિયાના લાભો આપ્યા હતા. આવી ભેટો સ્વીકારવા પર પ્રતિબંધ હોવા છતાં આ અંગે કોર્ટમાં અનેક કેસો થયા હતા. ટૂંકમાં, ખાનગી ક્ષેત્રમાં લાંચ-રુશ્વતના મામલામાં કોઈની પણ શેહશરમ રાખ્યા વિના અપરાધીઓને કડક સજા કરવાની વ્યવસ્થા હોવી જોઈએ. વિદેશોમાં આવા કડક કાયદા છે અને ત્યાં સખતમાં સખત દંડ પણ કરવામાં આવે છે. જર્મનીમાં તો હૃદયના વાલ્વ કૌભાંડ બદલ એક તબીબને મોતની સજા પણ થયેલી.

## ધૂપછાંવ

ભારતમાં અંદાજે 42,000 કરોડ રૂપિયાની એવી દવાઓનું વેચાણ થાય છે, જે અનૈતિક અથવા નુકસાનકારક ગણાય છે. 290 દવાનાં સંયોજનોને વર્ષો પહેલાં મંજૂરી આપવામાં આવી હતી, છતાં આજે પણ આવી 100થી વધુ સંયોજિત દવાઓ ખુલ્લેઆમ વેચાઈ રહી છે. આ બાબતમાં પણ વહેલી તકે કડક કાયદો બનાવવાની જરૂર છે.